# ફાઇનાન્સિયલ એનાલિસ્ટ

ફાઈનાન્સિયલ એનાલિસ્ટ/નાણાકીય વિશ્લેષક કોઇ કંપનીને તેની એકંદર નાણાકીય સ્થિતિનું સંચાલન કરવામાં મદદરૂપ થવાની જવાબદારી નિભાવે છે. તેઓ કંપનીની નફાકારકતા, જવાબદારીઓ, શક્તિઓ, નબળાઈઓ અને ભાવિ સંભાવનાઓને ઓળખવા માટે કંપનીના ડેટાનો ઉપયોગ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે આવક અને ખર્ચનો ચોક્કસ રેકોર્ડ રાખી શકો છો
- તમને સંખ્યાઓ સાથે કામ કરવું ગમે છે
- તમને સમસ્યાઓ હલ કરવી ગમે છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફાઈનાન્સ અથવા સંબંધિત વિષયોમાં સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કરો.

**અથવા**

ચાર્ટર્ડ ફાઇનાન્સિયલ એનાલિસ્ટની પરીક્ષાઓ પાસ કર્યા પછી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રોગ્રામ પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ ફાઇનાન્સમાં MBA કરો.

**અથવા**

ફાઈનાન્સ અથવા કોઈપણ સંબંધિત વિષયોમાં ડિપ્લોમા કરો, ચાર વર્ષનો કાર્ય અનુભવ મેળવો અને પછી ચાર્ટર્ડ ફાઇનાન્સિયલ એનાલિસ્ટની ત્રણ પરીક્ષાઓ આપો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ફાઇનાન્સિયલ એનાલિસ્ટનો અંદાજિત પગાર દર મહિને **રૂ. ૨૦,૦૦૦ થી ૮૪,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Financial_Analyst/Salary

NCS Code: 2412.0200 BFSI08

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકિંગ કંપનીઓ, નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓ

**ઉદ્યોગ સાહસિકતાઃ** તમે સ્વતંત્ર ફાઈનાન્સિયલ એનાલિસ્ટ તરીકેનો વ્યવસાય અપનાવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણઃ** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતુ નથી. સ્થાનિક મુસાફરી એ નોકરીની ભૂમિકાનો એક ભાગ છે કારણ કે તમારા ગ્રાહકોને મળવા માટે તમારે મુસાફરી કરવી પડે શકે છે. જો તમે સ્વતંત્ર રીતે કામ કરવાનું પસંદ નથી કરતા તો, તમારે અઠવાડિયામાં ૪૦ કલાકથી વધુ કામ કરવાનુ બની શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

### અપેક્ષિત પ્રગતિ પથ

ફાઈનાન્સિયલ એનાલિસ્ટ → સિનિયર ફાઈનાન્સિયલ એનાલિસ્ટ → ફાઈનાન્સિયલ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

માર્કેટ એનાલિસ્ટ, ફાઈનાન્સિયલ એનાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વાણિજ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. માનભૂમ મહાવિદ્યાલય, પુરુલિયા
૨. સરકારી કોલેજ, મડાપ્પલ્લી
૩. આદર્શ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, મુંબઈ
૪. એસ.એન.ડી.ટી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર વુમન, પુણે
૫. એમ.એસ.યુ., વડોદરા
૬. ગુરુ નાનક દેવ યુનિવર્સિટી કોલેજ, જલંધર
૭. મુંબઈ યુનિવર્સિટી
૮. પટના મહિલા કોલેજ, પટના

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. એ.પી.જે. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૨. આચાર્ય ઈન્સ્ટિટ્યુટ ઓફ ગ્રેજ્યુએટ સ્ટડીઝ, બેંગલુરુ
૩. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, મુંબઈ
૪. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૫. કન્યા મહાવિદ્યાલય, જલંધર, પંજાબ
૬. ઈન્દિરા કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ, પુણે
૭. અમૃતા વિશ્વવિદ્યાપીઠમ, મૈસુર
૮. રથિનમ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, કોઈમ્બતુર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### સાફલ્ય ગાથા

પ્રકાશ ગાબા સેબીના રજિસ્ટર્ડ રિસર્ચ એનાલિસ્ટ તેમજ પ્રમાણિત ફાઈનાન્સિયલ ટેકનિશિયન પણ છે. ગાબા વ્યુઅર્સ ચોઈસ 'શ્રેષ્ઠ ટેકનિકલ પુરસ્કાર'ના વિજેતા છે. ગાબાને બજારમાં ૨૦ વર્ષથી વધુનો અનુભવ છે. હાલમાં તેઓ CNBC TV18 અને CNBC આવાઝ પર જોવા મળે છે.*

સ્રોતઃ https://tameel.in/tabassum-inamdar/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.